| PUBLICATION NAME : | Sunvilla Samachar |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 13/08/2023 |
| PAGE : | 03 |

**મહિલાઓની મજબૂત પહેલ**

# EDII અને NTPC એ ઉદ્યોગસાહસિકતા દ્વારા મહિલા સશક્તિકરણ માટે હાથ મિલાવ્યાં



**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧૨**

ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયની માન્યતા ધરાવતા સેન્ટર ઓફ એક્સલન્સ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડના CSR વિભાગ સાથે શુક્રવારે મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ ફંડ અંતર્ગત EDII NTPC નોઈડાના આસપાસના વિસ્તારોમાં વંચિત મહિલાઓને નવી એન્ટરપ્રાઈઝની રચના કરવામાં સહયોગ કરશે. વધુમાં EDII વંચિત મહિલાઓના લાભાર્થે કોલ્ડ કોમ્પ્રેસ્ડ ઓઈલ યુનિટની સ્થાપના પણ સુનિશ્ચિત કરશે. સહભાગી મહિલાઓને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન દ્વારા આ પહેલને મજબૂત કરાશે. NTPC એ તેની CSR પહેલ અંતર્ગત મહિલાઓને સશક્ત કરવા તેમજ તેમને ઉદ્યોગસાહસિક અને આત્મનિર્ભર બનાવવાની પ્રવૃત્તિના ભાગરૂપે આ પહેલ કરી છે. સ્વ-સહાય જૂથની કુલ ૩૦ મહિલાઓને એક વર્ષના સમયગાળામાં સ્વતંત્ર અને સશક્ત કરાશે. એક્સેંચર, એચએસબીસી, ટાટા કમ્યુનિકેશન્સ, એમેઝોન ઈન્ડિયા, ફેસબુક, ઓએનજીસી, બેયર, એચસીએલ વગેરે જેવા કોર્પોરેટ હાઉસની સીએસઆર પહેલો માટે ઈડીઆઈ મહિલા ઉદ્યોગસાહસિકતા અને સશક્તિકરણના ઘણા પ્રોગ્રામ લાગુ કરે છે. અત્યાર સુધીમાં સેનિટાઈઝેશન પ્રોગ્રામ, આંત્રપ્રિન્યોરશિપ ક્ષમતા નિર્માણ પ્રોગ્રામ, ડોમેન અને સ્કીલ ટ્રેનીંગ, નેટવર્કિંગ અને માર્કેટિંગ એક્સપોઝર, માર્ગદર્શન અને સહયોગ દ્વારા ઈન્સ્ટિટ્યૂટ દેશભરમાં ૩૯,૧૪૨ મહિલાઓ સુધી પહોંચી છે.